Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનન્દ પ્રકાશ.

દોહરો.

આત્મપ્રવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનન્દ પ્રકાશ.

પુસ્તક ૬ ઠું. વિક્રમ સંવત્ ૧૯૬૫. ફાગણ. અંક ૮ મો.

## પ્રભુ સ્તુતિ.

### સાંહાનો કનરો.

જય જયવંતા જિનવર દેવા,
[1]સુર અસુરાદિ કરે નિત્ય સેવા. જય. (ટેક

જ્ઞાન પ્રભાવે પ્રગટ પ્રભુ છે,
[2]નિર્મળ બોધ વિભૂષિત દેવા. જય. ૧

શાંતિ સુધાકર [4]ઉદિત બનીને,
શાંતિ પ્રસારે [5]શિવ સુખ સેવા. જય. ૨

શિવ [6]સુખદાયક સર્વ સહાયક,
ટાળે પ્રભુ [7]ભવદાયક હેવા. જય. ૩

નાથ નિરંજન નિર્મળ રૂપી,
ધારે [8]શ્રીયુત સદ્ગુરુ એવા. જય. ૪

૧ દેવ, અસુર વગેરે. ૨ નિર્મળ બોધથી સુશોભિત છે. ૩ શાંતિના ચંદ્ર રૂપ. ૪ ઉદય પામીને. ૫ મોક્ષ સુખની સેવા રૂપ શાંતિ. ૬ આપનાર. ૭ ભવને આપનારી ટેવ. ૮ લક્ષ્મી સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિત્ય મહા ઉપકાર કરીને,
આપે [૯]બોધ વિનય ગુણ મેવા. જય. ૫
આત્મારામ બની નિરૂપાધિક,
શુદ્ધ હૃદયથી કરો જિનસેવા. જય. ૬

# અદ્ભુત ઉપનય.

( પૃષ્ટ ૧૬૧ થી શરૂ ).

તે પુરૂષ તે બંને પુરૂષોના સંગથી કર્તવ્ય ભ્રષ્ટ થઇ ગયો, તેના હૃદય ઉપર તામસી વૃત્તિ પ્રગટ થઇ આવી. હૃદયના પ્રદેશમાં મલિનતાની છાયા પ્રસરી ગઇ, તેની આવી સ્થિતિ જોઇ તેની પાસે કોઇ પણ આવતું નહીં. જે પક્ષિઓ મધુર શબ્દો કરી તેના હૃદયને આનંદ આપતા હતા, તેઓ પણ તેનાથી દૂર રહેવા લાગ્યા, તેની આસપાસ સર્વ શૂન્યમય થઇ ગયું, આથી તે તરૂણ મુંઝાવા લાગ્યો, પેલા બે પુરૂષોના સહવાસમાં રહેતાં તેણે બીજો આનંદ ગુમાવી દીધો, તે વનના વિવિધ જાતના આનંદો તેનાથી દૂર થવા લાગ્યાં, જાણે કુદરત તેનો તિરસ્કાર કરતી હોય, તેમ તેને ભાસવા લાગ્યું. કેટલાએક પક્ષીઓ જાણે તેની નિંદા કરતા હોય, તેમ દેખાવા લાગ્યા, અને તે તરૂણને પોતાને માટે ઘણું અપમાન દેખાવા લાગ્યું, પેલા બે વિચિત્ર પુરૂષો કે જેઓ તેનો આશ્રય કરી રહેલા હતા, તેઓએ તે તરૂણને વશ કરી લીધો, તેઓના સંગથી તરૂણ પરાધીન સ્થિતિમાં આવી ગયો, અને તે અનેક જાતના અપમાનો પ્રાપ્ત કરવા લાગ્યો, તે તરૂણ તે બંને અધમ પુરૂષોના નઠારા સ્વરૂપને જાણતો હતો, તે છતાં તે તેમના સંગને છોડી શકતો ન હતો તેમની સત્તામાં તે દબાઇને રહેતો હતો. તેની મનોવૃત્તિ પરાધીનતાના પાશમાં સપડાઇ ગઇ હતી.

---

૯ બોધ વિનય ગુણ રૂપી મેવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક વખતે રાત્રિનો સમય હતો, તે વખતે ભૂશય્યા ઉપર સૂતેલા તરૂણના હૃદયમાં આ પ્રમાણે પશ્ચાત્તાપ ઉત્પન્ન થઈ આવ્યો—" અરે! હું કોણ છું! મારી સ્થિતિ કેવી કહેવાય? મારો પ્રભાવ કેવો ગણાય? હું શા માટે આ તરફ આવ્યો છું. મારી પૂર્વ સ્થિતિ કયાં ગઈ? મારી દશા અકસ્માત્ કેમ બદલાઇ ગઇ! મારો પૂર્વાધિકાર કયાં ગયો? મેં પ્રથમ આશ્રય કરેલા પેલા પાંચ કલ્પવૃક્ષો કયાં ગયા! હું તેમને કેમ ભુલી ગયો? તે સુંદર વૃક્ષોની શીતળ છાયામાંથી હું કેમ દૂર થઇ ગયો! અહા! એ વાત મારા જાણવામાં આવી. મને આવી સ્થિતિમાં લાવનાર કોણ છે? એ હું સારી રીતે સમજી ગયો, પેલા સુંદર પક્ષીઓએજ મારી આ સ્થિતિ કરી છે. તે દુષ્ટ પક્ષીઓએ પોતાના મધુર શબ્દોથી મને આકર્ષ્યો અને આ મહાગર્તમાં ફેંકી દીધો છે. તે પક્ષીઓની સાથે પેલી મનોહર લતાઓએ પણ મને છેતર્યો છે, હવે મારી શી ગતિ થાશે, હું ઘણીજ અધમ અવસ્થામાં આવી ગયો, હવે મારે કોની શરણે જવું? પરમાત્મા મને અવલંબન આપો અને આ મહા કષ્ટથી મારો ઉદ્ધાર કરો."

તે તરૂણ આ પ્રમાણે ચિંતવતો હતો, તેવામાં તેના પૂર્વ પુણ્યના યોગથી પેલા મહાત્મા તેની પાસે આવી ચડ્યા. મહાત્માને જોતાંજ તે પુરૂષ સાનંદાશ્ચાર્ય થઇ ગયો. તેણે ભક્તિના ઉલ્લાસથી તે મહાત્માને દંડવત્ પ્રણામ કર્યો અને પોતાનું મસ્તક તેના ચરણમાં મુક્યું. દયાળુ મહાત્માએ તેને હૃદયથી આશીષ આપી અને તેની તરફ પોતાની સ્વાભાવિક દયાળુવૃત્તિ પ્રગટ કરી તેઓ બોલ્યા– " અવિચારી તરૂણ, તારા હૃદયની ભાવના બદલાએલી જોઇ હું પ્રસન્ન થયો છું. હવે તારા આત્માનો ઉદ્ધાર સત્વર થઇ જશે. આ દુઃસ્થિતિમાંથી મુક્ત થવાને તારૂં પુણ્ય ઉદય આવ્યું છે. ભદ્ર, જો તારી મનોવૃત્તિ આત્મિક શાંતિ મેળવવાને આતુર બની હોય તો તું મારા ઉપદેશ પ્રમાણે વર્તન કર."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે મહાત્માના આવા વચનો સાંભળી તે તરૂણ હૃદયમાં પ્રસન્ન થયો અને તેણે ફરીવાર તે મહાત્માને ભાવપુર્વક વંદના કરીને કહ્યું,—"ભગવન્. પ્રથમ આપના વચનનો જે મેં અનાદર કરેલો, તેનું આ ફળ મને પ્રાપ્ત થયું છે. હું આ સંસારની ઉપાધિમાંથી મુક્ત થવાની ઈચ્છાએ આપની પાસે આવ્યો હતો પણ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરી પેલા પાંચ કલ્પવૃક્ષોનો ત્યાગ કર્યો, એ મેં ખરેખરી મૂર્ખતા કરી છે. તે મારી મૂર્ખતાનું કષ્ટદાયક ફળ હું અત્યારે અનુભવું છું. ભગવન્, હવે મારી રક્ષા કરો અને પ્રાયશ્ચિત આપી મારા આત્માને શુદ્ધ કરો. આપના જેવા દયાળુ પુરૂષ મારા અપરાધોને ક્ષમા આપશે."

તે તરૂણના આવા વચન સાંભળી તે મહાત્માએ તેને અભયદાન આપ્યું અને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. "ભદ્ર, ચિંતા કરીશ નહીં. આ તારો પશ્ચાતાપ તારા આત્માનો ઉદ્ધારક થઇ પડશે. હવે મારે તને એટલુંજ કહેવાનું છે કે, તારી પાસે જે આ બે પુરૂષો છે, તેમનો સંગ તું છોડી દે. જ્યાં સુધી, તું એ પુરૂષોનો સંગ છોડીશ નહીં, ત્યાં સુધી તારા આત્માનો ઉદ્ધાર નહિં થાય. આ મધુર શબ્દ કરનારા પક્ષીઓ, પેલી સુંદર લતાઓ, સરોવરો અને આ કોમળ ભૂમિ વિગેરે જે પદાર્થોએ તને આકર્ષ્યો છે અને જેમના યોગથી તું આ સ્થિતિએ પોહોચ્યો છે, તે સર્વ પદાર્થો તરફ તું ઉપેક્ષા રાખજે. હવે તારા જીવનને બદલાવી બીજા રૂપમાં મુકી દેજે. આ કાળે તારા હૃદયમાં જે ભાવના પ્રગટ થઇ છે, તે ભાવના કાયમ રાખી તારા અંતરંગ હૃદયને સ્થિર રાખજે. એથી કરીને તું તારી પૂર્વ સ્થિતિને પ્રાપ્ત થઇશ અને અનુક્રમે ધાર્મિક અને આત્મિક ઉન્નતિ મેળવી શકીશ."

તે મહાનુભાવના વચનને માન આપી તે તરૂણ પુરૂષ તે રીતે વર્ત્તવાને નિયમધારી થયો હતો અને તેથી અનુક્રમે તે પોતાની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત કરી પરમાનંદનો અનુભવી બન્યો હતો. તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ જીવન સુખમય, શાંતિમય અને અમૃતમય બન્યું હતું. જેથી તેણે યાવજ્જીવિત તે મહાત્માનું ગુણ ગાન કરી પોતાનું શુદ્ધ જીવન પુર્ણ કર્યું હતું.

( અપૂર્ણ. )

## ક્ષમા અને ક્રોધનો સંવાદ.

( અનુસંધાન ગત્ અંક પૃષ્ટ ૧૪૯ થી શરૂ. )

ક્રોધ—અરે ક્ષમા, તું મને દોષ દ્રષ્ટિથી જુવે છે. પણ હું દૂષિત નથી. મારાથીજ આ જગત્ વિજયી બને છે. જો હું આ વિશ્વમાં વિદ્યમાન ન હોત તો જગત્‌નો વ્યવહાર અટકી પડતે. મારા શિવાય કોઇ કોઈને ગણુત નહીં, કોઇ કોઇનું માન રાખત નહીં વિશ્વમાં ચોર લોકો તથા દુર્જનો વધી જાત. અને બધું વિશ્વ અરાજક થઇ જાત. પણ મારા દિવ્ય પ્રભાવથી આ જગતની પ્રવૃત્તિ ચાલે છે. શિક્ષક અને શિષ્ય, રાજા અને પ્રજા તથા સ્વામી અને સેવક–એ બધા ક્રમ મારા પ્રવર્ત્તનને આભારી છે. મને ધારણ કરીનેજ રાજાઓ રાજ્ય કરી શકે છે. રાજાનો ઉગ્ર પ્રભાવ, ઉગ્રતેજ અને ઉગ્ર સત્તા મારાથીજ પ્રવર્ત્તે છે. આ જગત્‌માં જો મારી સ્થિતિ ન હતે તે બધો દેશ અરાજક થઈ જાત અને રાજ્ય વ્યવસ્થા ચાલત નહીં.

ક્ષમા—અરે કુરૂપી, આવા ગર્વના વચનો કેમ બોલે છે? તારાથી શું થઈ શકે તેમ છે? આ જગત્‌માં જો તારો વાસ ન હોત તો સર્વ પ્રજાજન સુખશાતામાં રહી શકત, રાજાઓને ભારે પ્રયત્ન ન પડત, સર્વ જનો શાંતિમાં રહી પોતપોતાના કર્ત્તવ્યમાં પ્રવૃત્તિ કરત, દેશમાં શાંતી રહેત, કોઇ ઠેકાણે ખુના મરકી થાતજ નહીં. તારા નિવાસથી આ જગત્‌ને ભારે સહન કરવું પડે છે. અનેક જાતની શિક્ષાઓ ભોગવવી પડે છે એટલું જ નહીં તેમને, પરલોકની ભયંકર નારકીની પીડા પણ ભોગવવી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્રોધ**—અરે ક્ષમા, તારે વધારે બોલવાની કાંઇ જરૂર નથી. તારી પાસે મારૂં માહાત્મ્ય પ્રગટ કરવાથી કાંઇ પણ થવાનું નથી, તું મારી પ્રશંસા સહન કરી શકતી નથી. તું જગત્માં શાંત ગણાય છે. પણ ખરી રીતે તું મારી પાસે અશાંત ગણાય છે. જો તું ખરેખર સદા શાંત રહેનારી હો તો તારે મારી પ્રશંસા સહન કરવી જોઇએ.

**ક્ષમા**—અરે અભદ્ર, કોઇ પણ રીતે તારી પ્રશંસા કરી શકાય તેમ નથી. તારાથી તો દૂરજ રહેવું યોગ્ય છે. જેનામાં તારો પ્રવેશ થાય, તે માણસ પણ અસ્પૃશ્ય અને અનાદરણીય થાય છે.

**ક્રોધ**—ક્ષમા, તું વિશેષ પડતાં વચનો બોલીશ નહીં. શું હું કાંઇ ચંડાળ છું કે જે મને તું અસ્પૃશ્ય કહે છે ?

**ક્ષમા**—અરે ક્રોધ, મારા વચનો વિશેષ પડતા નથી, પણ યથાર્થ છે. મહાનુભાવ વિદ્વાનો તને ચંડાળની ઉપમા આપે છે. એટલુંજ નહીં, પણ કેટલાએક તો તને ચંડાળજ ગણે છે તેથી તું સર્વ રીતે અસ્પૃશ્ય અને અનાદરણીય છે.

**ક્રોધ**—અરે ક્ષમા, આ વાત તો મેં તારે મુખેજ સાંભળી છે. કોઇ પણ માણસ મને ચંડાળ કહેતું હોય, એમ હું ધારી શકતો નથી; કારણ કે, દરેક મનુષ્યને મારો સ્પર્શ કરવો પડે છે. અટાકટીના વખતમાં મારૂં શરણ લીધા વિના ચાલે તેમ નથી, તેથી મને ચંડાળ કહેનાર કોણ છે ?

**ક્ષમા**—અરે અભિમાની, હજારો પ્રમાણિક પુરૂષો તને ચંડાળ કહે છે, એ વાત લોક પ્રસિદ્ધ છે. તે વાતની પ્રતીતિ તને ન આવતી હોય તો મારા મુખથી એક દૃષ્ટાંત સાંભળ. તે તારે માટે વિખ્યાત છે. કોઇ એક શહેરમાં અતિ આચારને ધારણ કરનારો કોઇ બ્રાહ્મણ રહેતો હતો. તે હમેશાં પવિત્રપણે રહેતો અને પોતાના શૌચ ધર્મને પાળતો હતો. આવો પવિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં તે ક્રોધી બહુ હતો. તે બ્રાહ્મણના શરીરમાં તેં પૂર્ણ રીતે વાસ કર્યો હતો.

એક વખતે તે બ્રાહ્મણ પ્રાતઃકાળે નદી ઉપરથી સ્નાન કરી ધોયેલાં વસ્ત્રો પહેરી ઘેર આવતો હતો. તે વખતે માર્ગમાં કોઈ ચંડાળની સ્ત્રી રાજમાર્ગમાં ઝાડુ કાઢતી હતી. ચંડાળ સ્ત્રીએ તે બ્રાહ્મણને આવતા જોયો નહીં અને તે એમને એમ ઝાડુ કાઢવા લાગી. પેલા સ્નાન કરી આવતા બ્રાહ્મણની ઉપર તે ઝાડુની રજ ઉડીને ગઇ, તેથી તેને ભારે ગુસ્સો ચડી આવ્યો તત્કાળ તે બ્રાહ્મણ ઉંચે સ્વરે બોલ્યો—" અરે દુષ્ટ ચંડાળ સ્ત્રી, જરા વિચારીને ઝાડું કાઢ તેં મને અપવિત્ર કર્યો. " બ્રાહ્મણના આ વચન સાંભળી તે ચંડાળ સ્ત્રીએ તે બ્રાહ્મણની સામે જોયું, ક્રોધથી રકત મુખ અને રકત નેત્ર થયેલા તે બ્રાહ્મણને જોઇ ચંડાળ સ્ત્રી ઝાડુંનું કામ પડતું મુકી તે બ્રાહ્મણની પાસે આવી અને તે બ્રાહ્મણને વળગી પડી. આથી બ્રાહ્મણ ઘણો ઉશ્કેરાઇ ગયો અને તેણીને મારવા પ્રયત્ન કરવા લગ્યો, તે સ્થળે હજારો લોકો એકઠા થઇ ગયા. તેવામાં તે નગરનો રાજા તે માર્ગે ફરવા નીકળ્યો. લોકોને એકઠા થયેલા જોઇ રાજા તે સ્થાને પોતાની ગાડી ઉભી રખાવી થોભાયો. રાજાને જોતાંજ પેલો ક્રોધી બ્રાહ્મણ તેની પાસે આવ્યો અને તેણે ફરિયાદ કરી કે, " મહારાજા, આ દુષ્ટ ચંડાળણીએ મને આલિંગન કરી ભ્રષ્ટ કર્યો. તેણીના સ્પર્શથી મારૂં બ્રાહ્મણપણું નષ્ટ થઇ ગયું. આપ નીતિમાન્ રાજાએ તેણીને સખ્ત શિક્ષા કરવી જોઇએ. " બ્રાહ્મણના આ વચન સાંભળી રાજાએ નાખુશ થઇ તેણીને બોલાવી અને તિરસ્કારથી જણાવ્યું " અરે દુષ્ટા, તેં ઘણુંજ ખોટું કામ કર્યું છે. તેં આ પવિત્ર બ્રાહ્મણને શામાટે અભડાવ્યો ? તને હું સખ્ત શિક્ષા કરીશ. " રાજાના આવા કઠોર વચનો સાંભળી તે ચંડાળ સ્ત્રી બોલી— " મહારાજા, મેં કાંઇ તે બ્રાહ્મણને આલિંગન કર્યું નથી; પણ મારા પતિને આલિંગન કર્યું છે—રાજા આશ્ચર્ય પામી બોલ્યો—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે અવિચારી સ્ત્રી, તે બ્રાહ્મણ તારો પતિ શી રીતે થાય? ચંડાળ સ્ત્રીએ કહ્યું, "મહારાજા, આ જગત્માં ક્રોધ એ ચાંડાળ કહેવાય છે તે બ્રાહ્મણના શરીરમાં ક્રોધરૂપી ચાંડાલે પ્રવેશ કર્યો, એટલે મેં તે મારા પતિને આલિંગન કર્યું હતું. તેથી હું નિરપરાધી છું.

ચંડાળ સ્ત્રીના આવાં વચન સાંભળી રાજા ખુશી થયો, અને તેણે તે ચંડાળ સ્ત્રીને છોડી મુકી અને તે બ્રાહ્મણને ફરી વાર ક્રોધરૂપી ચંડાળને શરીરમાં ન લાવવો, તેને માટે ઉપદેશ આપ્યો. અને પછી રાજા પોતાને સ્થાને ચાલ્યો ગયો હતો.

હે ક્રોધ, આ દૃષ્ટાંત ઉપરથી તારે સમજવાનું છે કે, તું પોતે ચંડાળરૂપ છે. તારા સ્પર્શથી માણસ અપવિત્ર થઇ જાય છે. તારૂં ચંડાળપણું સિદ્ધ કરવાને બીજા ઘણાં દૃષ્ટાંતો જગત્માં પ્રસિદ્ધ છે.

ક્ષમાના મુખથી આ દૃષ્ટાંત સાંભળી ક્રોધે પોતાના સ્વરૂપને (ક્રોધને) પ્રગટ કર્યું. તેના મુખ તથા નેત્ર ઉપર રતાશ પ્રસરી ગઇ. વિકરાળ શરીર કંપવા લાગ્યું અને તે ગર્જના કરી આ પ્રમાણે બોલ્યો—

ક્રોધ—ક્ષમાદેવી, તું અનુક્રમે વાણીમાં વધતી જાય છે, પણ હવે વધારે પડતું બોલીશ નહીં. હું મારા સ્વરૂપને શામાટે ભુલી જાઉં. શું મારૂં સ્વરૂપ એવું નઠારૂં છે કે જે હું તેને ભુલી જાઉં? એ કદિ પણ બનવાનું નથી. કોઇ પણ માણસ પોતાના સ્વરૂપને નિંદતો નથી; કયો મૂર્ખ મનુષ્ય પોતાનીજ નિંદામાં પ્રવર્તે? ક્ષમા, તારા મુખમાંથી જે વચનો નીકળે છે, તે તારી નિર્બળતા સૂચવી આપે છે. હું તારા જેવો નિર્બળ નથી. મારાજ આધારથી આ જગત્નો વ્યવહાર ચાલે છે. જો જગત્માં ક્રોધજ ન હોત તો આ બધી પ્રજા ઉચ્છૃંખલ બની જાત. કોઇ કોઇના તાબામાં રહેત નહીં. મારા ભયંકર પ્રતાપથીજ દુનિયાનો બધો વ્યવહાર ચાલે છે. મારા વિના આ જગત્નું શું થાત? તે કહી શકાતું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ક્ષમા**—( હાસ્ય કરીને ) અરે અભિમાની પુરૂષ, તારા વચનો સાંભળી મને હાસ્ય ઉત્પન્ન થાય છે, તું મારામાં નિર્બળતા સ્થાપિત કરે છે, પણ ખરી નિર્બળતા કોનામાં છે ? એ વાત હૃદયમાં આવતી નથી. જે બળ પોતાને અને બીજાને હાનિકરનારૂં હોય, તે બળ શા કામનું ? આત્મઘાતક અને પરઘાતક બળથી જો માણસ બલવાન્ ગણાતો હોય તો પછી નિર્બળ કોને કહેવો ? જે પોતાના બળથી સ્વહિત અને પરહિત સાધી શકે તેજ ખરો બળવાન્ ગણાય છે. અને તેવા બળવાન પુરૂષોથીજ આ ભૂમી બળવતી ગણાય છે.

અરે સાહસિક નર, વળી તું કહે છે કે, ' મારા આધારથીજ આ વિશ્વનો વ્યવહાર ચાલે છે, ' આ તારા વચનો કેવા અનુચિત છે ? વિશ્વનો વ્યવહાર તારે આધારે ચાલે છે, એ વાત લોક માન્ય કદી પણ થાય નહીં, એ તારા વચનો તદ્દન ઉલટાં છે. તારાથી તો વિશ્વના વ્યવહારમાં સ્ખલના થાય છે. આ જગત્‌માં જો તું વિદ્યમાન નહો તો જગત્‌નો વ્યવહાર એવો ઉત્તમ ચાલે કે, જેથી સર્વ પ્રજા જન સર્વ રીતે સુખી થાય. તારા યોગથીજ સર્વ પ્રજાને ભારે સંકષ્ટ વેઠવું પડે છે, આર્ય પ્રજાને વ્યવહારશુદ્ધિ રાખવામાં તું પોતેજ અંતરાય ઉત્પન્ન કરે છે, એ વિષે મારે વિશેષ કહેવાની જરૂર નથી; કારણ કે, જો હું તે વાત તને સત્ય રીતે નિવેદન કરૂં તો તું તારા સ્વભાવમાં આરૂઢ થયા વિના રહે નહીં.

ક્રોધ—શાક્ષે, હું મારા સ્વભાવને ધારણ નહીં કરૂં, તું જે સત્ય હોય તે કહે વળી તેં મારી ઉપર આરોપ મુકયો છે કે, તારાથી જગત્‌ના વ્યવહારમાં સ્ખલના થાય છે. ' એ વાત તારે મને સિદ્ધ કરી બતાવવી પડશે.

ક્ષમા—સાંભળ, આ જગત્‌માં ત્રણ પ્રકારના અંધ ગણાય છે. તેમાં એક નેત્રાંધ, બીજો કામાંધ અને ત્રીજો ક્રોધાંધ તેમાં જે નેત્રથી અંધ છે, તે દ્રવ્યાંધ છે અને જે કામથી તથા ક્રોધથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધ છે, તે ભાવાંધ છે તે ભાવાંધમાં જે તારાથી અંધ થયેલ છે, તે અત્યંત વિપરીત કાર્ય કરનારો છે. તારાથી ( ક્રોધથી ) અંધ થયેલો મનુષ્ય કાંઇ પણ જોઇ શકતો નથી; પુત્રે પોતાના ગુરૂજન ( વડિલ ) નો વિનય કરવો જોઇએ. શિષ્યે ગુરૂનો, સ્રીએ પતિનો, અને નાનાએ મોટાનો વિનય કરવો જોઇએ, એ ઉત્તમ મર્યાદા તારા પ્રભાવથી લુપ્ત થઇ જાય છે, ક્રોધમાં આવેલો પુત્ર વડિલનું અપમાન કરે છે, શિષ્ય ગુરૂનો અનાદર કરે છે, સ્રી પતિનો તિરસ્કાર કરે છે, અને નાનો મોટાનું અપમાન કરે છે, એમ કરવાથી શુદ્ધ વ્યવહારનો લોપ થઇ જાય છે, તેથી તારા યોગથી જગત્‌ના વ્યવહારમાં મોટી સ્ખલના પડે છે, કહે, એ વાત સાચી છે કે નહીં ?

ક્રોધ—( આવેશથી ) અરે ક્ષમા, આ તારા વચનો મને જરા પણ રૂચિકર લાગતા નથી, તારા આ વચનો સાંભળી હું આવેશમાં આવ્યો છું. પણ લાચાર છું કે, તારી આગલ મારી મહા શક્તિ ચાલી શકતી નથી, મને મારા હૃદયમાં ઘણું એ આવે છે કે, આ વખતે તારો નાશ કરૂં, પણ મારૂં કાંઇ ચાલતું નથી.

ક્ષમા—અરે પાખંડી, હું તને પ્રથમથીજ કહેતી હતી કે, તું તારૂં સ્વરૂપ પ્રગટ કર્યા વિના રહીશ નહીં તું ગમે તે કરવા તૈયાર થા, પણ મારી પાસે તારૂં કાંઇ પણ ચાલવાનું નથી, હું ક્ષમા છું, મારો પ્રભાવ તારાથી પ્રતિહત થાય તેમ નથી, જે માણસ મારો આશ્રય કરે છે. તે તને પરાભવ કરવાને સમર્થ થાય છે, તો હું પોતે તારી આગળ પ્રત્યક્ષ ઉભી છું;તેનો તારાથી પરાભવ શી રીતે થાય ? આ જગત્‌માં ક્ષમાનો પરાજય કરવાને કોણ સમર્થ છે ? મારી શક્તિને કુંઠિત કરવાને આ જગત્‌માં કોઇ પણ વીર સમર્થ છેજ નહીં.

ક્રોધ—ભદ્રે. આટલી બધી આત્મ પ્રશંસા શા માટે કરે છે ? હું માનું છું કે, મારી આગળ તારી શક્તિ ચાલવાની નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે છતાં તારામાં કેટલી શક્તિ છે ? તે જાણવાની મારી ઈચ્છા છે તે કૃપા કરી મને કહી સંભળાવ.

ક્ષમા—અરે સાહસિક પુરૂષ, તારી આગળ મારી શક્તિ જણાવવાની ઇચ્છા રાખતી નથી, કારણ કે, જો હું મારી સર્વ શક્તિનું તારી પાસે ખ્યાન કરીશ તો તું મને આત્મ પ્રશંસા કરનારી કહીશ, અને મારો અનાદર કરીશ.

( અપૂર્ણ. )

# જૈન સોળ સંસ્કાર.

( પૃષ્ટ ૧૫૭થી શરૂ )

## શુદ્રોને માટે ઉત્તરીક ન્યાસ વિધિ.

જે જૈન શુદ્ર પોતાને યોગ્ય એવા સંસ્કારથી પવિત્ર થવાને ઇચ્છતો હોય, તેણે સાત દિવસ સુધી તૈલ મર્દન સાથે સ્નાન કરવું, તે પછી પૌષ્ટિક, મસ્તકનું મુંડન, વેદિકરણ, ચતુષ્કિકા કરણ, અને જિન પ્રતિમા સ્થાપન પૂર્વની જેમ કરવા તે પછી ગૃહસ્થ ગુરૂએ આવી જિન પ્રતિમાની આઠ પ્રકારી પૂજા કરવી, અને ચારે દિશાઓમાં શક્ર સ્તવનો પાઠ ભણવો, તે પછી શુદ્ર શિષ્ય શ્વેતવસ્ત્ર પહેરી અને ઉત્તરાસંગ કરી, ત્યાં ગુરૂ પાસે આવે, પછી આસન ઉપર બેઠેલા ગુરૂને અને સમવસરણને પ્રદક્ષિણા કરી નમસ્કાર કરી હાથ જોડી આ પ્રમાણે કહે—" ભગવન્, મનુષ્ય જન્મ, આર્યદેશ અને આર્ય કુળ મને પ્રાપ્ત થયેલા છે, માટે મને બોધિરૂપ જિનાજ્ઞા આપો." તે પછી ગુરૂ તે વાત અંગીકાર કરે એટલે શિષ્ય ફરીથી કહે છે કે, " હું ઉપવીતને યોગ્ય નથી, માટે મને તે જિનાજ્ઞા આપો. શિષ્યના આ વચનો સાંભળ્યા પછી ગૃહસ્થ ગુરૂ તેને જિનોપવીતની પ્રમાણે લાંબુ, કપાશ અથવા રેશમનું ઉત્તરીયક પરમેષ્ટી મંત્ર ભણીને પેહેરાવે છે, તે પછી શિષ્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વાભિમુખે ચૈત્યવંદન કરાવે છે, તે પછી શિષ્ય નમસ્કાર કરી અંજળિ જોડી કહે છે કે, "હે ગુરૂ, તમે ઉત્તરીયકનું આરોપણ કરી મને જિનાજ્ઞામાં આરોપિત કર્યો છે." ગુરૂ કહે છે કે, "હે શિષ્ય, તું જિનાજ્ઞામાં સારી રીતે આરોપિત થયો છે, હવે આ સંસાર સાગરને તર." આ પ્રમાણે કહી ગુરૂ સન્મુખ બેશી તે શુદ્ર શિષ્યની આગળ વ્રતની આજ્ઞા આપે છે.

"હે શુદ્ર શિષ્ય, સમ્યકત્વથી યુક્ત એવા બાર વ્રત તારે ધારણ કરવા. કદિ પણ કુળમદ કરવો નહીં. જૈન મુનિઓ અને જૈન બ્રાહ્મણોની ઉપાસના કરવી. ગીતાર્થે આચરેલું તપ કરવું, કોઇ પાપીની પણ નિંદા ન કરવી. આત્મ પ્રશંસા ન કરવી. આત્મહિતની ઇચ્છા રાખી. જૈનને માન આપવું. જો આ ઉત્તરીયકનો ભ્રંશ થાય અથવા ભંગ થાય તો વ્રત કરવું, તેમજ પ્રેત કર્મ વિધિ પૂર્વક આચરવું."

આ પ્રમાણે કહી ગુરૂ ઉત્તરાસંગને માટે વિશેષ જણાવે છે--જે ક્ષત્રિઓ અથવા વૈશ્યો દેશકાલને લઇને ઉપવીતનો ત્યાગ કરે તો તેમણે ઉપવીતને બદલે ઉત્તરાસંગ ધારણ કરવું જોઇએ, તેને માટે શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે--

"धर्मकार्ये गुरोर्दृष्टौ देवगुर्वालयेऽपि च ।
धार्य स्तथोत्तरासंगः सूत्रवत्प्रेतकर्मणि ॥ १ ॥

"ધર્મના કાર્યમાં, ગુરૂના દર્શનમાં, દેવાલયમાં, ગુરૂના ઉપાશ્રયમાં અને પ્રેત કર્મમાં સૂત્ર—ઉપવીતની જેમ ઉત્તરાસંગ ધારણ કરવું." ૧

"अन्येषामपि कारूणां गुर्वनुज्ञां विना पि हि ।
गुरुधर्मादिकार्येषु उत्तरासंग इष्यते ॥ २ ॥

"બીજા પણ કારૂ—શુદ્રાદિકોને ગુરૂની આજ્ઞા વિના પણ ગુરૂ ધર્માદિ કાર્યોમાં ઉત્તરાસંગ કરવાને ઇચ્છેલું છે" ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે ગૃહસ્થ ગુરૂ શુદ્ર શિષ્યની આગળ વ્યાખ્યાન કરી પછી તેને ચૈત્યવંદન કરાવે છે, તેમાં પરમેષ્ઠી મંત્રનો ઉચ્ચાર તથા વ્યાખ્યાન પુર્વે પ્રમાણે કરવાં, તેમાં જ્યાં 'નમો' એવો ઉચ્ચાર આવે, ત્યાં શુદ્રોએ 'ણવો' એવો ઉચ્ચાર કરવો તે પછી ગૃહસ્થ ગુરૂ શિષ્ય સહિત ધર્માગારમાં જાય અને ત્યાં મંડળી પૂજા,ગુરૂ નમસ્કાર અને વાસક્ષેપ વગેરે પૂર્વની પ્રમાણે કરે, તે પછી મુનિઓને અન્ન, વસ્ત્ર તથા પાત્રના દાન આપે અને ચતુર્વિધ સંઘની પૂજા કરે.

## ઇતિ ઉત્તરીકન્યાસવિધિ.

આ બારમા ઉપનયન સંસ્કાર ને અંતે ગ્રંથકારે બટૂકરણ નામનો એક વિધિ બતાવ્યો છે. તે જૈન બ્રાહ્મણોને માટેજ કહેલો છે. જે બ્રાહ્મણ વ્રતરહિત, સંસ્કાર ભ્રષ્ટ, નૈવેદ્ય ખાનાર, કુકર્મ કરનાર, વેદ રહિત, જપહીન, શસ્ત્રધારી, ગ્રામ્ય, કુલહિન, નીચકર્મ કરનાર, પ્રેતાન્ન ભક્ષણ કરનાર, ચારણ ભાટની જેમ ખુશામત કરનાર, ઘંટિકા વગાડનાર, સેવા કરનાર, ગંધ તથા તાંબુલ ઉપર આજીવિકા ચલાવનાર નટકર્મ કરનારે, બ્રાહ્મણનો વેષ પેહેરનાર, અને અંત્ય જાતિમાં ઉત્પન્ન થનાર હોય, તેવા બ્રાહ્મણને ફરીવાર પ્રાયશ્ચિત આપી જે સંસ્કાર કરવામાં આવે તે બટૂકરણ કહેવાય છે. તે બટૂકરણ કરતી વખતે તે બ્રાહ્મણ ને શિખા શિવાય માથે મુંડન કરાવી તેને તીર્થોદક વડે મંત્રથી સ્નાન કરાવવામાં આવે છે. તે પછી તેને નદી અથવા તીર્થસ્થાન ઉપર અથવા કોઇ પવિત્રસ્થાનમાં લઇ જઈ તેને ત્રણગણી કુશ મેખલા, કૌપીન, વગેરે આરોપિત કરી પુનઃ ઉપવીત ધારણ કરાવવવામાં આવે છે. અને પછી દંડાદિક ધારણ કરાવી મંત્રના પાઠપૂર્વક તેનો ત્યાગ કરાવી ગૃહસ્થ ગુરૂ તેને ઉત્તમ પ્રકારે શિક્ષા આપે છે—જે શિક્ષાનો સાર આ પ્રમાણે છે—હે શિષ્ય તું પરનિંદા, પરદ્રોહ, પરસ્ત્રી અને પરદ્રવ્યની ઇચ્છા કરીશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં. માંસ કંદમૂળ વગેરે અભક્ષ્યનો ત્યાગ કરજે. વ્યાપાર તથા સ્વામીની સેવામાં કદી પણ કપટ કરીશ નહીં. બ્રાહ્મણ, સ્ત્રી, ગર્ભ અને ગાયની રક્ષા કરજે. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની સેવા કરજે. અતિથિ સત્કાર તથા દાન આપજે. આત્મઘાત તથા પર જીવને વૃથા પીડા કરીશ નહીં. અને આ જિનોપવિતને યાવજ્જીવ સુધી ધારણ કરજે."

આ પ્રમાણે શિક્ષા આપ્યા પછી શિષ્યે પોતાનિ શક્તિ પ્રમાણે ગ્રહસ્થ ગુરૂને સુવર્ણ, વસ્ત્ર વગેરે ઉત્તમ પદાર્થનું દાન આપવું, એવી રીતે બટૂકરણ વિધિ થાય છે.

ઇતિ બટૂકરણ વિધિ.

આ પ્રમાણે ગૃહસ્થ શ્રાવકનો બારમો ઉપનય સંસ્કાર કરવામાં આવે છે. એ સંસ્કાર વર્તમાનકાળે તદ્દન લુપ્ત થઇ ગયો છે. હવે માત્ર ઉત્તરાસંગ રૂપે તે સંસ્કાર રહેલો છે. સર્વ જૈન પ્રજાએ આ પવિત્ર સંસ્કારનું પુનરૂજ્જીવન કરવાનું છે. જો આ પવિત્ર સંસ્કાર પુનઃ પ્રચલિત થાય તો જૈન પ્રજા પુનઃ પોતાના પૂર્વ સંસ્કારનું બળ પ્રાપ્ત કરી ધાર્મિક ઉન્નતિ સંપાદન કરી શકશે.

(અપૂર્ણ.)

## પૂજ્ય મુનિરાજો તથાવિવેકી શ્રાવકો પ્રતિ અતિ અગત્યની સૂચનાઓ.

( અનુસંધાન ૧૬૭ થી શરૂ. )

પ્રિય ભાઇઓ !

આપ જો અન્ય નિરૂપયોગી, ઉપલક ક્રિયા ખોટી ધામધુમ તજી દઈ, આ સમયોચિત સૂચના લક્ષમાં લઇ તેમાં પોતાનું ખરૂં હિત સમજી વિવેકથી વર્તશો. તો ખચુસ સમજવું કે, તેથી અલ્પ સમયમાં ભારે મોટા લાભ મેળવી શકશો. સ્વમતિ કલ્પનાનુસારે ગમે તેવું સારૂં કરવા કરતાં વીતરાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વચનાનુસાર કરવામાંજ મોટો લાભ છે. અક્ષય સુખ મેળવવા ઇચ્છનારે તો જરૂર વચનાનુસારેજ વર્તવું શ્રેયકારી છે. સ્વમતિ કલ્પનાનુસારે વર્તતાં તો જીવ અનંત કાળ ભમ્યો. તોએ હજી તેનો અંત ન આવ્યો, માટે નિશ્ચે માનવું ઘટે છે કે, શાસ્ત્રાજ્ઞા મુજબ પરમાર્થ બુદ્ધિથી સમયાદિ ઉચિતજ કાર્ય કરવામાં ખરૂં હિત સમાયેલું છે. આથી વિરૂદ્ધ વર્તનારા સર્વ કોઇ આપદાના ભાગી થાય છે. માટે આપણે આપણું ખરૂં હિત ચિન્તવવું એજ આપણું ખાસ કર્તવ્ય છે. જ્ઞાની પુરૂષો તો પરમાર્થ વૃત્તિથી સવળોજ માર્ગ બતાવે છે. છતાં આપણે આપ મતિથી અવળા થઇને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છીએ, તો તેમાં આપણાં નસીબનોજ દોષ છે.

૨ આપ જાણો છો કે, આપણા સર્વમાં કાળમુખ કુસંપે કાળો કેર વર્તાવ્યો છે, તેને નિર્મૂળ કરવાને અગ્રણી ( નાયક ) જનોએ અવશ્ય તત્પર થવું ઘટે છે. નહિ તો તે તેના તીવ્ર દુષ્ટ વિપાક દેખાડવામાં બાકી રાખશે નહિ. “ પાણી પહેલાં પાળ બાંધવી ” એ દીર્ઘદ્રષ્ટિ–સમયજ્ઞની ખાસ નીતિ છે, તો હવે વધારે ઢીલ કર્યા વિના અવશ્ય જાગૃત થવાની જરૂર છે, નહિ તો આગળ ઉપર વધારે પસ્તાવું પડશે.

૩ આપણામાં વિવેકની મોટી ખામી દ્રષ્ટિગત થાય છે. તે હવે અવશ્ય સુધારી લેવી ઘટે છે, અવિવેકથી આપણે અન્યના સુગુણોને પણ ગ્રહી શકતા નથી. અરે ! આપણે તેની પુષ્ટિ કરવી ભૂલી જઇ વિવેકની મોટી ખામીથી ઉલટા તેની નિન્દા પણ કરવા મંડી પડીએ છીએ, માટે જે વિતરાગ વચનાનુસારે સત્ય છે, તેને સાચા દીલથી સત્ય તરીકે અવધારતાં અને આદરતાં આપણે અવશ્ય શીખવું જોઇએ છીએ.

૪ વિતરાગ વચનાનુસારે ખરૂં શું છે, યા શું હોઇ શકે તે જાણવા માટે શ્રીહરિભદ્રસૂરી, શ્રીહેમચંદ્રસૂરી, તથા શ્રીમદ્યશોવિજયજી પ્રમુખ ધર્મધુરંધર પુરૂષોએ સર્વજ્ઞ વચનાનુસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચિત પ્રમાણિક ગ્રંથોનું બારીકાઇથી અવલોકન કરવાની ખાસ જરૂર છે, પણ મોટી અફસોસની વાત એ છે કે, આવા ગ્રંથોનું તો કહેવુંજ શું, પણ અતિ સરલ-સાદી ભાષામાં સત્ય સર્વજ્ઞ પ્રણિત ધર્મને પ્રકાશમાં લાવવાની બુદ્ધિથી લખવામાં આવતા લેખો વાંચવાનું પણ મોહ વશ જનોને બની શકતું નથી; તો તે સંબંધી પુરતો વિચાર કરી પોતાની ભૂલ શોધી કાઢી તેને સુધારવાની તક તો તે બાપડા શી રીતે લઇ શકેજ ? અદ્યાપિ પણ આવા અતિ બારીક સમયે મહા ગાઢ મોહ નિદ્રા ત્યજી કાંઇક જાગૃત થઈ કેવળ પરોપકાર બુદ્ધિથી લખાએલા ઉત્તમ લેખો વાંચવાની અમૂલ્ય તક જો જવા દેવામાં ન આવે, અને તેમાંથી બનતો પરમાર્થ ગ્રહણ કરવામાં આવે તો આશા છે કે, સમયાનુસાર તેવા મૂઢ જીવોનું પણ હિત થઇ શકે.

૫ ઉપકારી મહાત્માઓ ગમે તેવો પ્રયાસ લઇ પરમ પવિત્ર સર્વજ્ઞ પ્રણીત ધર્મને પ્રકાશમાં લાવવા માટે વિવિધ ધર્મ વિષયો સંબંધી સારા સારા લેખો લખી, શ્રોતા વર્ગનું યા સામાન્ય રીતે સમસ્ત જૈન કોમનું ધ્યાન ખેંચે છે, પરંતુ જ્યાં સુધી આપણા લોકો બેપરવા રાખી સ્વપરનું ખરૂં હિત કેમ થઇ શકે તે જાણવા, જરૂર જેટલો પણ પ્રયાસ લઇ, તેમને વાંચે કે સાંભળે પણ નહિ, કદાચ વાંચે સાંભળે તો તત્સંબંધી જોઇએ તેવો વિચાર કરે નહિ, અને કદાચ તેમ કરી શકયા તોપણ જ્યાં સુધી તદ્વત્ આચરણ કરે નહિ ત્યાં સુધી સ્વ-પરનું શ્રેય કેમ થઇ શકે ? અમેરિકા જેવા પ્રદેશોમાં એક જાતિ અનુભવવાળા મિત્રના મુખથી સાંભળ્યા મુજબ ખેડુત લોકો પણ ન્યુસપેપરો [ વર્તમાનપત્રો ] બહુ આતુરતાથી વાંચવા તત્પર રહે છે, અને અહીં તો આપણા પ્રત્યક્ષ અનુભવથી જાણી શકીએ છીએ કે જન સમુદાયનો મોટો ભાગ તો સ્વહિત સાધવા પણ બેપરવા યા આળસુ રહે છે, આહાહા ! આવી અતિ અહિતકારી બેપરવા તજીને આપણા સુગુરુઓ [ સાધુઓ અને સાધ્વીઓ ] તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાવકો અને શ્રાવીકાઓ, સમય વિચારી સ્વસ્વહિત સાધવા ઉત્કંઠિત રહે તો આશા છે કે, અવશ્ય વહેલો મોડો પણ આપણામાં કાંઇ સુધારો થઇ શકે ખરો, ખરૂં સત્ય જો સમજાય તો મનુષ્યના અલ્પ આયુષમાં આત્મ સાધન કરી લેવું, તે કુંડામાંથી રત્ન કાઢી લેવા જેવું છે, કાળજીવાળાને તે કાઢવું સહેલું છે. પોતાની અનાદિ ભૂલો યથાર્થ જાણવા સમ્યગ્ જ્ઞાનની જરૂર છે. સમ્યગ્ જ્ઞાનના પ્રકાશે કરી–વિવેકવડે ક્ષણિક અને અશુચીમય આ જડ દેહ પરની મમત્તા ત્યજી સ્વકર્તવ્ય કરવા લગાર પણ પાછી પાની કરવી યોગ્ય નથી, એમ વિચારીને કે, **देहेदुःखं महाफलं** અર્થાત્ સમજીને સમતા પુર્વક ધર્મ કરણી કરતાં દેહમાં કાંઇક થતું દુઃખ સહેવું મહાફળદાયી છે. શાથી જે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાના બળે સંસાર તરવો સુલભ થઇ જાય છે, તેમજ તેજ જ્ઞાનસમુદ્ર અને ક્રિયાના વિરહે ચઉ ગતિ સંસારમાં અનેકશઃ ભ્રમણજ કરવું પડે છે. માટે પ્રથમ તો સમ્યગ્ વસ્તુ તત્વ જાણવાની અને તેમ કરી વિવેક વડે તદ્વત્ આચરણ કરવાની ખાસ જરૂર છે. તે બેમાં એકની પણ ઉપેક્ષા કરવી દુઃખદાયી છે. તો બન્નેમાં બેપરવા રહેનાર કુશલાગ્ર બુદ્ધિનું તો કહેવું શું ? જેમ મંત્રનો જ્ઞાની મંત્રનો સમ્યગ્ પ્રયોગ કરી વિષધરના પણ વિષ કાઢી શકે છે, તેમજ વિવેકી જનો સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાના બળે કરી કર્મ વિષધરનું પણ વિષ દૂર કરી શકે છે, પરંતુ એકલા જ્ઞાન કે એકલી ક્રિયા માત્રથી તે થઇ શકવાનું નહિ, માટે પ્રથમ સન્માર્ગનું બરાબર ભાન કરી સ્વશત્રુભૂત પ્રમાદને પરિહરી પૂર્ણ પ્રેમથી મોક્ષાર્થે ઉભયનું સેવન કરવા ભુલવું નહિ, એમ સમજીને "**महाजनोयेनगतः सपन्थाः**" શિષ્ટ–સુવિહિત પુરૂષોએ જે માર્ગ આદર્યો છે, તેજ માર્ગ કલ્યાણકારી છે.

૬. આપણામાંનો મોટો ભાગ એટલો તો જડતાગ્રસ્ત છે તેમની જડતા દૂર કરવા યુગના યુગ વહી જતાં પાર આવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વો મુશ્કેલ છે. પરંતુ જો નાનાં ઉછરતાં બાળકોને કે યુવકોને ધર્મ શિક્ષણ આપવાનું હાલ તુરત સારા પાયાપર શરૂ કરવા માં આવે તો, તેનું ઘણું સારૂં પરિણામ આવવાની વકી રહે છે. જો માબાપોએ પોતે ઉત્તમ શિક્ષણ લીધું હોય તો, તેઓ, પોતાની ઉછરતી પ્રજાને પણ સારી ધર્મ નિષ્ટ બનાવી શકે, અન્યથા નહિ. આજકાલના માબાપો એક સમયે જ્યારે પોતે પુત્ર પુત્રીની અવસ્થામાં હતા. ત્યારે તેઓને શિક્ષણ મળેલું નહિ તેથી તેઓ ઉત્તમ શિક્ષણ યા ધર્મશિક્ષણ તેમનાં બાળકોને આપવાને વિજયી ન નીવડ્યા. તેમજ જો હાલની બાળ સંતતિ (પ્રજા)ને સારૂં-સંગીન શિક્ષણ આપવામાં નહિ આવે તો, તેઓ પણ એક દેશીય (એક લક્ષીય) શિક્ષણ મેળવવાથી સંસારની અસારતા, વૈરાગ્ય, ગાંભીર્ય, પ્રૌઢતા આદિથી વિમુખ રહી સહનશીલતા, ખામોશ આદિ ઉચ્ચ ગુણો જે વ્યવહારમાં આવશ્યક છે, તે પ્રાપ્ત કરી શકવાના નહિ. માટે જો અત્યારથી જ સમયાનુકુળ શિક્ષણ માબાપો વા ગુરૂ જનો તરફથી તે તે બાળકોની રૂચિ અનુકુળ સાદિ-સરલ ભાષામાં આપવામાં આવે તો પ્રાયઃ તેઓ સદ્ગુણી-ધર્મ નિષ્ટ માબાપો નીવડી પોતાની ભાવી પ્રજાપ્રતિ પોતાની પવિત્ર ફરજો અદા કરવાને ચુકવાના નહી. બાળકોની અતિ કોમળ અને ફળદ્રુપ હૃદય ભૂમિમાં જો સમયોચિત સારાં શિક્ષણનાં બીજો રોપવામાં આવે, અને પછી પ્રતિદીન કાળજી પૂર્વક સૂક્ત વચન જળનું સિંચન કરવામાં આવે તો તેઓમાંથી એવા તો ધર્મના ફણગા ફુટે કે, તેઓમાંનો પ્રત્યેક સાક્ષાત્ કલ્પવૃક્ષની બરાબરી કરી શકે, દરેક જૈનને આંગણે આમ ઉગેલા કલ્પવૃક્ષો કેવાં શોભે વારૂ ?

૭. આવા અતિ બારીક સમયે પણ શ્રીમંતોથી માંડી ગરીબ લોકોવડે કેટલાક નકામા ઉડાઉ ખર્ચ કરવામાં આવે છે. તે પર શ્રી સંઘ કે જ્ઞાતિના આગેવાનોએ ખાશ અંકુશ મુકવાની આવશ્યક્તા છે. આવો ઉડાઉ ખર્ચ કરવા કોઇએ આગ્રહ કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન જોઇએ. મુનિરાજોએ પણ આવા નકામા ખર્ચને બદલે જૈનોનું શ્રેય થાય, તેવો સુલભ રસ્તો તેઓને હેતુ—યુક્તિથી બતાવવો જોઇએ, દૃષ્ટાંત તરિકે સાત ક્ષેત્રોમાંથી સીદાતા ક્ષેત્રમાં વિશેષ વિવેકપુર્વક વાપરવા ઉપદેશ દેવો જોઇએ. જો એક મતથી શાસનની શોભા વધે એવાં પગલાં દરેક સ્થળે ભરવામાં આવે તો જરૂર થોડા વખતમાંજ એક સારો અગત્યનો ફેરફાર થઇ શકે, પરંતુ યાદ રાખવું જોઇએ કે. આ સર્વ, વિવેકની મોટી ખામી દૂર કરવાથીજ,સિદ્ધ થઇ શકે. અન્યથા તો તે આકાશ પુષ્પવત્ અસંભવિતજ સમજવું. અરે! લાભ તોટાને પણ સમ્યગ્ નહિ વિચારનારા ખરા વણિકોજ ન કહેવાય, તો સાચા જૈન વીર સર્વજ્ઞ પુત્રો તો કહેવાયજ શાના ? એક સ્વચ્છંદપણે ચાલવા રૂપ અવિવેકજ દૂર કરી શકાય અને પરમ પવિત્ર પરમાત્માના આગમ અનુસારે નિઃશંકપણે પુર્ણ શ્રદ્ધા અને પ્રેમથી વર્તવામાં આવે તો આખા જૈન શાસનમાં નિત્ય દીવાળી થઇ રહે. અહો ! આવો શુભ સમય આવેલો આપણે સાક્ષાત્ કયારે જોઇ શકશું ? આપણે થોડું બોલી વધારે સારૂં કરતાં કયારે શીખીશું ? આપણામાં ઘુશી રહેલી મલીન વૃત્તિઓનો કયારે અંત આવશે ? તેમજ પ્રસન્ન ચિત્તથી આપણી ફરજો સમજી અદા કરવા આપણે કયારે ભાગ્યશાળી થઇશું ? એક બીજા તરફ મીઠી નજરથી જોઇ ગુણ ગ્રહણ કરતાં કયારે શીખીશું ? અને તેવા કાયમના શુભ અભ્યાસથી દોષ દ્રષ્ટીને સમુળગી કયારે દૂર કરી શકીશું ?

૮. આપણા શ્રાવક લોકોમાં અવસાન વખતે ધર્માદા કહેવાની રીતી ચાલે છે, તે મુજબ ધર્માદા કર્યા બાદ તરતજ તે દ્રવ્યની જોઇએ તેવી યોગ્ય વ્યવસ્થા કરી લેવી જોઇએ. તે નહિ કરતાં ઘણા લોકો તો ધર્માદાના દેણામાંજ ડુબેલા દીસે છે; તેમજ તેવા લોકોના સંબંધથી બીજાઓને પણ છાંટા ઉડે છે, માટે તેવા ધર્માદા બાબતનો તરત ખુલાસો કરી, તેનો લાંબો ચેપ ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચે તેવો દરેક સ્થળે બંદોબસ્ત થવાની ખાસ જરૂર છે. આ વાત ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે.

સ્વ—પરને ડુબતાં અટકાવી, ધર્માદા દ્રવ્યનો ફડચો કરી, સારો ઉપયોગ કરવો, એ સ્વ—પરને તરવાનો રસ્તો હોવાથી અવશ્ય આદરણીય છે, માટે સુખના અર્થી જીવોએ આ બાબતમાં પ્રમાદ કરવો યોગ્ય નથી.

૯. દિનપ્રતિદિન સમય કઠિન આવતો જાય છે. જેમાં શ્રી સંઘને આધારભૂત મુખ્યપણે શ્રી જીન આગમ, અને જીન પ્રતિમા છે. તે બંનેની આશાતના ત્યજી વિશેષ વિનય કરવો ઘટે છે. શાસ્ત્રોનો જીર્ણ થઇ, વિચ્છેદ ન થાય તે ખાસ લક્ષમાં રાખવું ઉપયુક્ત છે. તેમજ જીર્ણ ચૈત્યોનો પણ ઉદ્ધાર-કરવા પ્રતિ વિશેષ લક્ષ રાખવું યોગ્ય છે. મૂર્ખ લોકો લાભાલાભ નહિ વિચારતાં કેવળ યશ, નામ, કીર્તિ માટે મરે છે, પણ જીર્ણોદ્ધારથી ઓછું નામ કે કીર્તિ નથી. જીર્ણોદ્ધારથી તો નામ અમર થવા સાથે અક્ષય યશ ને સુખ મળે છે, માટે સ્વછંદપણું ત્યજી શાસ્ત્ર નીતિથી અક્ષય લાભ લેવા યત્ન કરવો યોગ્ય છે. ઉડાઉ ખર્ચો, જેવાં કે નાતવરા, વિગેરે કરવાને બદલે આવા બારીક સમયે સીદાતા સાધર્મી ભાઇઓને સહાય દઇ, ઉદ્ધારવામાં અથાગ લાભ સમાયેલો છે. તો સુમતિની સલાહ લઇ, સ્વચ્છંદ ત્યજી, સ્વ—પરને હિત થાય તેવો માર્ગ સેવવો એજ શાસનના ઉદયનો ખરો રસ્તો છે,

૧૦ આજ કાલ વિવેકની ખામીથી માબાપો બહુધા ખોટા વહેમોથી ભરેલા તથા બાધક રીત રીવાજોને વળગી રહેલાં દીસે છે, તેમને સુધારવાનું કામ ઘણું કઠિન છે, પરંતુ જો નવી થતી પ્રજા-જૈન બાળકોને તથા લુલક વર્ગને સારૂં ધર્મ શિક્ષણ-નીતિ, ન્યાય, સત્ય, પ્રમાણિકતા સંબંધી સારી તાલીમ આપવામાં આવે તો, થોડી મહેનતે સારો સુધારો અલ્પ સમયમાંજ થવા સંભવ છે, માટે દરેક સ્થળે વિચરતા સાધુ—મુનિરાજે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ સારા કેળવાયેલા વિદ્વાન શ્રાવકો આ સંબંધી પોતાની ખાસ ફરજો વિચારી જોઇએ તેવો સારો પ્રયત્ન કરે તો જરૂર કાંઇ પણ સારો સુધારો થયા વિના રહે નહિ. જો કે વર્ત્તમાન કાળે કેટલાક જૈન યુવકો લેખો લખી ઉચ્ચ આશયથી જૈનોની આધુનિક સ્થીતિ સુધારવા કંઇક પ્રયાસ કરતા દીસે છે, અને તેમ કરતાં તેમનો પ્રયત્ન સર્વથા નિષ્ફળ થતો હોય, એમ કહી શકાય તેમ નથી. તોપણ એટલું તો કહી શકાય તેમ છે કે, આ-જ કાલ મુનિરાજો કે શ્રાવકો, મોટી ઉમ્મરના જૈન ભાઇઓ અને બહેનોને લેખો લખી યા વ્યાખ્યાનો આપી બોધ કરવા જેટલો શ્રમ લે છે, તેટલોજ શ્રમ સંપુર્ણ ખંતથી કોમળ વયનાં જૈન બાળકોના કોમળ મગજમાં પવિત્ર જૈન તત્વોનું રહસ્ય બહુજ સરલ સાદી ભાષામાં સમજાવવા, તેમના દિલમાં બરાબર ઉતરે હૃદયંગમ થાય તેમ અસર કારક પ્રબોધવા, સમય ઉચિત વિચારે તો આજ કાલ કોશના કોશ ભરી ઉપદેશ જળ, જેમની હૃદય ભુમીમાં ઉતરવું મુસ્કેલ છે તેવા અશિક્ષિત યાવત્ શુષ્ક પ્રાય જનોને. સિંચવામાં આવતાં છતાં દીર્ઘસમય વ્યતીત થયે પણ જે સારો લાભ મળી શકતો નથી, તે કરતાં ઘણો અને ઉત્તમ લાભ અલ્પ સમયમાં બાળવયના કુમળા છોડવાને વિવેક જળ સિંચવાથી અવશ્ય મળવા મોટી આશા બંધાય છે. આજ કાલના યુવાનો તથા વૃધ્ધોને રસ્તે આવવા જાગ્રત કરવાનો એક સારો માર્ગ એ દીસે છે કે, આજ કાલ જૈનોમાં બહોળો ફેલાવો પામેલા જૈન ધર્મ પ્રકાશ, આત્માનન્દ પ્રકાશ, કોન્ફરન્સ હેરલ્ડ તથા આ-નંદ જેવા માસિક ચોપાનીયાં તથા જૈનપત્ર જેવા સપ્તાહિક કે જેમાં આપણા પવિત્ર ધર્મ વ્યવહારને લગતા ઉત્તમ લેખો લખાઇ બહાર પડેછે, તેમાંથી સર્વ લેખો સભા સમક્ષ કોઇ વિદ્વાન મુનિ કે શ્રાવક પાસે વંચાવવા. વ્યાખ્યાન વંચાતુ હોય તો વ્યાખ્યાન વાંચનાર વિદ્વાન મુનિ જને પણ તે વિષયને લગતું સારૂં અસર કારક વિવેચન કરી શ્રોતા જનોનું સન્માર્ગ પ્રતિ લક્ષ ખેંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમયાનુસારે આજ કાલના શ્રોતા વર્ગને આમ સારો લાભ થવા સંભવ છે. આ વાતનો મને પ્રત્યક્ષ અનુભવ થયેલો છે, અને તેવો અનુભવ કરવાનો પ્રસંગવસાત્ વિદ્વાન મુનિવરો કે શ્રાવક જનો ધારશે તો બહુ સારો લાભ મેળવી શકશે, એવી આશા બંધાય છે.

૧૧ આજ કાલ બહુધા શ્રાવક લોકોની સંસારિક સ્થિતિ કાંઇક વધારે બારીક હોવાથી તેમને સમયોચિત સહાય આપવાનું પણ ઉમદા દીલના શ્રીમંત શ્રાવક જનોનું અવશ્ય કર્ત્તવ્ય છે, આમ સમયોચિત સહાય કરવાથી પૂર્વ પુન્ય યોગ પ્રાપ્ત થયેલી લક્ષ્મીના સાર્થક સાથે પરલોકાર્થે મહા મોટા સુકૃતનો સંચય થાય છે, જેથી અંતે દેવ, મનુષ્ય સંબંધી ઉત્તમ ભોગો—સાધનો—પામી તેઓ અક્ષય સુખ વરે છે, આપણા શ્રીમંત શ્રાવકો વિવેક વડે વિચારી આવા બારીક વખતે સુવર્ણ કે રૂપાપર લાગી રહેલી મૂર્છા ઓછી કરી શ્રી સર્વજ્ઞ પ્રભુએ બતાવેલા ઉત્તમ ક્ષેત્રમાં શુભ પરિણામ પૂર્વક ખેડ કરવા ધારે તો અવશ્ય તેને બદલે બે ચાર કે સો ગણુંજ નહિ, કિન્તુ અનંત ગણું ફળ ઉપાર્જન કરે, તેમજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને યથાર્થ નિહાળી સમય અનુકુળપણે વર્તવાથી શ્રી જીનાજ્ઞા આરાધક પણ થઇ શકે, એમ સમજી સજ્જનોએ આવો અતિ શુભ અને શાસનને હિતકર માર્ગ સેવવા—આરાધવા—ભૂલવું ઉપયુક્ત નથી, કેમકે જ્ઞાની પુરૂષો કહે છે કે " લક્ષ્મી જળ તરંગ જેવી ચપળ છે. યૌવન પતંગના રંગની માફક ૩–૪ દીવસમાં ઉડી જવાનું છે, અને આયુષ્ય શરદના વાદળાના જેવું અસ્થિર છે; તો હે ભવ્યો ? અંતે અનર્થ કલેશાદિ મૂલક દ્રવ્ય વિષે શામાટે મુંઝાઈ મરો છો ? જો તમારૂં શ્રેય ઇચ્છતા હો તો, પરમ ઉત્કૃષ્ટ એવા સર્વજ્ઞ ભાષિત દાનાદિ ઉત્તમ ધર્મને સેવી દશ દષ્ટાંતે દોહિલા માનવ ભવને સાર્થક કરી લેવા ચુકશો નહિ. " ધર્મ કાર્યમાં વિલંબ—પ્રતિબંધ—પ્રમાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો યોગ્ય નથી, કેમકે કહ્યું છે કે—श्रेयांसि बहुविघ्नानि માટે જે કાંઇ શુભ આત્મ કલ્યાણાર્થે કરવું હોય તે શીઘ્ર સત્વર કરી લ્યો. કાલ કરવું ધાર્યું હોય તે આજજ કરો, કેમકે કાલને કાળનો ભય છે, ને કોઈ ભાગ્યયોગે આવો શુભ અવસાય થયો તો તેને સાર્થક કરવા એક ક્ષણ પણ પ્રમાદ કરવો યોગ્ય નથી, કેમકે કાળની ગતિ ગહન છે, તે છાયા મિષે તમારૂં છળ જોતો ફરે છે, માટે તેનો વિશ્વાસ કરવો યોગ્ય નથી, આ પ્રસ્તુત સમયોચિત સુચનાનો અનાદર નહિ કરતાં તે દ્વારા બને તેટલો લાભ લેવા ચુકવું નહિ. સુજ્ઞેષુ કિં બહુના ?

૧૨ અહો ? આજ કાલ શ્રીમંત શ્રાવક લોકો પણ કેવા મુગ્ધ બની ગયા છે કે, સર્વજ્ઞ ભાષિત શાસ્ત્રાનુસારે જોતાં પોતાને પ્રાપ્ત થયેલી લક્ષ્મી પુર્વ કરેલાં સુકૃત્યો—સુપાત્ર દાનાદિ—નાજ યોગે મળેલી છે, તેમજ ઉદાર દીલથી અત્યારે પણ તે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો વિવેકવડે વ્યય કરવાથીજ તેનું સાર્થક્ય તથા ભવાંતરમાં મહા લાભ થાય તેમ છે, છતાં મુગ્ધ માતબર લોકો કેવળ મોહ નિશામાં મશગુલ રહી. પોતાના સ્વચ્છંદી નાદ મુજબ વર્તતા જાય છે, તે કોઇ રીતે પ્રશંસા પાત્ર ગણી શકાય તેમ નથી, કેમકે શાસ્ત્રકારનું તો એવુંજ ફરમાન છે કે—“आणा जुत्तो धम्मो” શ્રી સર્વજ્ઞ પ્રભુની આજ્ઞા મુજબ કરેલું ધર્મ કૃત્ય—સ્વ—પરને હિતકર થઇ શકે છે, પરંતુ કેવળ આપ મતિવાળું નહિ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવને બરાબર લક્ષમાં લહી ઉચિત માર્ગ સેવન કરવા કહેવા શ્રી અરિહંત મહારાજની નીતિ છે, માટે ઉચ્ચ પદના અભિલાષી સજ્જનોએ સર્વજ્ઞ પરમાત્માએ પરમ કરૂણાવડે બતાવેલી આવી અનુપમ નીતિને અનુસરીનેજ ચાલવાની તથા અપ્રિય સ્વચ્છંદી આપ ખુદી આચરણ ત્યજવાની ખાસ આવશ્યકતા છે. જ્યારે ત્યારે પણ સ્વચ્છંદપણું ત્યજી જીન આજ્ઞા મુજબ વર્ત્યા વિના જીવનો છુટકો ( મોક્ષ ) નથી, તો અત્યારે છતી સામગ્રીએ પ્રમાદ કરવો એ કોઇ રીતે આત્માને હિતકર નથીજ. ( અપુર્ણ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## શ્રી અમદાવાદમાં ઉપધાન માળાનો વરઘોડો અને સમવસરણ.

ફાગણ વદી ૨ ના રોજે શેઠ લાલભાઈ દલપતભાઇના વંડેથી દબદબા ભરેલો એક મોટો વરઘોડો નીકળ્યો હતો, અને જ્યાં ઉજમબાઇની ધર્મશાળા કે **શ્રીમાન્ મહારાજશ્રી હંસ વિજયજી સાહેબ** હતા, ત્યાં ઉતર્યો હતો. આ વરઘોડામાં હીરા, માણેક, મોતી અને પન્નાના અલંકારથી અલંકૃત થયેલા જૈન બાળક અને બાળિકાઓ નાના પ્રકારના સુંદર પોશાક પહેરી દેવકુમાર અને દેવ કુંવરીઓની માફક અનેક પ્રકારની ઘોડા ગાડીયોમાં અને સોનેરી રૂપેરી સાજથી સજ્જ થયેલા સંખ્યાબંધ ઘોડાઓ ઉપર આરૂઢ થઈ થાળમાં માળાઓ લેઇ ચાલતા હતા. તે પ્રસંગે નગર શેઠ તથા શેઠ મનસુખભાઇ વિગેરે શ્રેષ્ટી મંડળ હાજર હતું. સૌભાગ્યવંતી શ્રાવિકાઓ પણ ઝવેરાત પ્રમુખના ઝળકતા દાગીના અને પચરંગી કલાબતુના સુંદર નેપથ્યમાં સજ્જ થઇ મસ્તકે જ્ઞાન પ્રમુખના ઉપગરણો અને મેવા મીઠાઇની ચળકતી છાબો લેઈ ગીત ગાન કરતી ચાલતી હતી. આ વરઘોડો નિશાન ડંકા, અને જુદી જુદી બગીચો તથા જુદા જુદા ઘોડા આગળ જુદા જુદા મહેલ્લાવાળાના જુદા જુદાં ઇંગ્રેજી વાજાંથી ઘણો લંબાયમાન થયો હતો. વદી ૩ ના દિવસે શ્રીમદ્ હંસવિજયજી મહારાજ સાહેબના શિષ્ય **પન્યાજી શ્રી સંપત્ વિજયજી** ગણિએ દલપતભાઇ શેઠના વંડામાં માળાઓ પહેરવાની શુભ ક્રિયા કરાવી હતી. અને તેજ રોજે શ્રી મહાવીર સ્વામી ભગવાનના દેવળમાં સમવસરણ રચનાની શુભ ક્રિયા મહારાજશ્રી હંસવિજયજી સાહેબે કરાવી હતી, આ બે દિવસોમાં દેવ દ્રવ્ય તથા જ્ઞાન દ્રવ્યની ઉપજ પણ સારી થઇ હતી. અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયોછે.

For Private And Personal Use Only